Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :20• Date : 05-10-2023 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisidiya • Mo. 98790 84567

# અમદાવાદમાં આજથી વર્લ્ડકપનો મહાકૂંભ

અમદાવાદ,

આવતીકાલથી ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડની વચ્ચે મેચ સાથે ભારતમાં ક્રિકેટના મહાકૂંભનો પ્રારંભ થશે. ભારત પહેલીવાર એકલા હાથે વનડે વર્લ્ડ કપની યજમાની કરી રહ્યું છે. આ પહેલા ભારત સંયુક્ત રૂપે ત્રણ વાર યજમાન રહી ચુક્યું છે. ભારતે ૧૯૮૭, ૧૯૯૬ અને ૨૦૧૧માં સંયુક્ત રુપે ત્રણ વાર યજમાની કરી છે. છેલ્લા કેટલાય દિવસોથી ક્રિકેટ પ્રેમીઓ વર્લ્ડ કપની રાહ જોઈ રહ્યા છે તેનો આવતીકાલથી પ્રારંભ થશે અને આ સાથે આ ૪૬ દિવસ સુધી ક્રિકેટ પ્રત્યેનો તેમનો જુસ્સો ચરમસીમાએ રહેશે. આ ૪૬ દિવસ ચાલનારા વર્લ્ડ કપમાં ભારતના ૧૦ શહેરોમાં ૧૦ ટીમો વચ્ચે ૪૮ મેચો રમાશે જેમાં એક ટીમ ચેમ્પિયન બનશે. વર્ષ ૧૯૭૫માં ઈંગ્લેન્ડમાં ક્રિકેટ વર્લ્ડ કપની શરુઆત થઈ ત્યારથી ૨૦૦૭ના વર્લ્ડ કપ સુધી કોઈ યજમાન દેશ વર્લ્ડ ચેમ્પિયન બની ન હતી. જો કે આ વલણ ભારતે તોડીને ૨૦૧૧માં ૨૮ વર્ષ બાદ વિશ્વ ચેમ્પિયન બની હતી. ત્યારથી લઈને ૨૦૧૯ના છેલ્લા વર્લ્ડ કપ સુધી માત્ર યજમાન દેશને જ વર્લ્ડ ચેમ્પિયન બનવાનું સન્માન મળી રહ્યું છે. આ વર્ષે ભારત યજમાની કરી રહ્યું છે એટલે ભારતને ચેમ્પિયન બનવા માટે પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યું છે જો કે આ માટે ભારત સામે ઘણા પડકાર છે.

ભારતની ટીમ વર્લ્ડ કપના ઈતિહાસમાં ઓસ્ટ્રેલિયા બાદ સૌથી સફળ ટીમ છે. ભારતીય ટીમે ૧૯૮૩માં કપિલ દેવની કેપ્ટનશીપમાં પહેલો વર્લ્ડ કપ જીત્યા હતા ત્યાર બાદ ૨૮ વર્ષે ધોનીની કેપ્ટનશીપમાં ટીમ ચેમ્પિયન બની હતી. આ સિવાય ભારતીય ટીમ ૨૦૦૩ના વર્લ્ડ કપમાં ફાઈનલમાં પહોંચી હતી અને રનર્સ અપ બની હતી. આ ઉપરાંત ભારત ચાર વખત સેમિફાઈનલમાં પહોંચી છે જેમાં ૧૯૮૭માં ઈંગ્લેન્ડ સામે, ૧૯૯૬માં શ્રીલંકા સામે, ૨૦૧૫માં ઓસ્ટ્રેલિયા સામે તેમજ ૨૦૧૯માં ન્યૂઝીલેન્ડ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય ટીમનું ૨૦૦૭ના વર્લ્ડ કપમાં ખુબ જ ખરાબ પ્રદર્શન રહ્યું હતું અને ટીમ પહેલા રાઉન્ડમાં જ બહાર ફેંકાય ગઈ હતી જો કે ત્યારબાદથી ભારતીય ટીમ ત્રણ વર્લ્ડ કપમાં એક વાર ચેમ્પિયન અને બે વાર સેમિફાઈનલમાં પહોંચવામાં સફળ રહી છે.

# ભારત સાથે પ્રાઈવેટ વાતચીત માટે કેનેડા દ્વારા થયેલી ઓફર

નવી દિલ્હી,

ભારત અને કેનેડા વચ્ચે ખાલિસ્તાની આતંકી નિજ્જરની હત્યાને લઈને જાગેલા વિવાદ બાદ ભારતે અપનાવેલા આક્રમક વલણ સામે હવે કેનેડા ઢીલુઢસ થઈ ગયુ છે.

ભારતે તો કેનેડાના ૪૧ ડિપ્લોમેટસને દેશમાંથી રવાના થવાનો આદેશ આપ્યો છે.જેના કારણે બંને દેશો વચ્ચેનો ટકરાવ વધી શકે છે. આ પ્રકારની સ્થિતિ વચ્ચે કેનેડાના વિદેશ મંત્રી મેલોની જોલીએ હવે ભારત સાથે પ્રાઈવેટ વાતચીત માટે ઓફર મુકી છે. તેમનુ કહેવુ છે કે, બંને દેશો વચ્ચેના તમામ મુદ્દાઓનો ઉકેલ આવે તે માટે પ્રાઈવેટ વાતચીત જરૂરી છે.

તેમણે કહ્યુ હતુ કે, અમે ભારત સરકારના સંપર્કમાં છે. કેનેડાના ડિપ્લોમેટ્સની સુરક્ષાને અમે બહુ ગંભીરતાથી લઈ રહ્યા છે. વ્યક્તિગત રીતે અમે વાતચીત ચાલુ રાખીશું અને મારુ માનવુ છે કે, રાજકીય મુદ્દા પર પ્રાઈવેટમાં થતી વાતચીત જ વધારે ઉપયુક્ત હોય છે.

આ નિવેદન પહેલા મંગળવારે ભારતે કેનેડાના ૪૧ ડિપ્લોમેટસને ૧૦ ઓક્ટોબર પહેલા દેશ છોડવાનો આદેશ આપી દીધો છે. આ સમયમાં જો ડિપ્લોમેટસ દેશ નહીં છોડે તો ભારતે તેમની સુરક્ષાની જવાબદારીમાંથી હાથ અધ્ધર કરી દેવાની પણ ચીમકી આપી છે.

આ બાબતે હજી સુધી કેનેડા કે ભારતની કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી પણ મંગળવારે ટૂડોએ કહ્યુ હતુ કે, ભારત સાથે અમે તણાવ વધારવા માટે વિચારી નથી રહ્યા. કેનેડા ભારત સાથે જવાબદારીપૂર્વક સબંધો સાચવવાનુ ચાલુ રાખશે. અમારી સરકાર કેનેડાના પરિવારોની મદદ માટે ભારતમાં ડિપ્લોમેટિક રીતે કાર્યરત રહેવા માંગે છે.

### દિલ્હી લિકર કૌભાંડ કેસમાં ઈડીની આક્રમક કાર્યવાહી

# આપના સાંસદ સંજયસિંહની ઈડી દ્વારા ધરપકડ કરાઈ

## સંજયસિંહના ઘરની બહાર આપના કાર્યકર્તા એકઠા થયા છે, કેન્દ્ર સરકાર વિરૂદ્ધ નારેબાજી કરવામાં આવી



નવી દિલ્હી,

દિલ્હી લિકર કૌભાંડ કેસમાં આમ આદમી પાર્ટી સાંસદ સંજયસિંહની ઈડીએ ધરપકડ કરી છે. આપ (આપ) નેતાની સવારથી ઈડી દ્વારા પૂછપરછ ચાલી રહી હતી. બીજી તરફ સંજયસિંહના ઘરની બહાર આપના કાર્યકર્તા એકઠા થયા છે. કેન્દ્ર સરકાર વિરૂદ્ધ તેઓ નારેબાજી કરી રહ્યા છે.

દરમિયાન દિલ્હી લિકર કૌભાંડ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ - ઈડીએ મોટી કાર્યવાહી કરી છે. ઈડીએ લાંબી પુછપરછ બાદ સંજય સિંહની ધરપકડ કરી છે. ઈડીએ બુધવારે આપના રાજ્યસભા સાંસદ સંજય સિંહના ઘરે દરોડા પાડ્યા હતા. ઈડી લિકર કૌભાંડમાં મની લોન્ડ્રિંગની તપાસ કરી રહી છે. ઈડીએ ગત દિવસોમાં આ મામલે ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં સંજય સિંહનું પણ નામ સામેલ છે. અગાઉ આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહના ઘરે આજે વહેલી સવારે ઈડીએ દરોડા પાડ્યા હતા. આ દરોડા દિલ્હીની વિવાદિત લીકર પોલિસી મામલે પાડવામાં આવ્યા હતા. હવે આ મુદ્દે બીજેપીએ આમ આદમી પાર્ટીને ઘેરતા કહ્યું કે, આ લીકર પોલીસી કૌભાંડ દિલ્હીના મુખ્યમંત્રી અંરવિંદ કેજરીવાલની દેખરેખ હેઠળ કરવામાં આવ્યો છે. સરકારી સાક્ષી બનેલા દિનેશ અરોરાએ પણ આ વાત સ્વીકારી છે. મુખ્યમંત્રી આવાસ પર વસૂલી કરવામાં આવતી હતી.

બીજેપી પ્રવકતા ગૌરવ ભાટિયાએ એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, લીકર પોલીસી કૌભાંડ વિશે જનતા જાણી ચૂકી છે કે, અરવિંદ કેજરીવાલની દેખરેખમાં જ તેને અંજામ આપવામાં આવ્યો છે. આરોપી દિનેશ અરોરાએ કબૂલ કર્યુ છે કે, દિલ્હીના સીએમ આવાસ પર બેઠકો થતી હતી. તેમણે કહ્યું કે, અરવિંદ કેજરીવાલના ઈશારા પર જ સંજય સિંહે પાર્ટી ફંડમાં ૩૨ લાખ રૂપિયા આપવાની વાત કહી હતી. સીએમ આવાસ પર બેઠક કરીને એક સાંસદના ૩૨ લાખ રૂપિયાની લાંચને ચેક દ્વારા લેવાની વાત કહી હતી. ગૌરવ ભાટિયાએ કહ્યું કે, અરવિંદ કેજરીવાલના કહેવા પર એક સાંસદ વસૂલી કરે છે. આ ખૂબ જ ચિંતાજનક વાત છે. ચિંતાની વાત એ છે કે, આ લોકો પોતાને 'આમ આદમી' ગણાવે છે. તેમણે દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા અને સંજય સિંહને કેજરીવાલના જમણો અને ડાબો હાથ ગણાવ્યા હતા. બીજેપી પ્રવકતાએ કહ્યું કે, જમણો હાથ છેલ્લા સાડા સાત મહિનાથી જેલમાં છે જ્યારે ડાબો હાથ આજે દરોડા બાદથી ડરી ગયા છે.

ભાજપના પ્રવક્તાએ કહ્યું કે, જેમ જેમ કડીઓ જોડાઈ રહી છે તેમ તેમ હાથકડી અરવિંદ કેજરીવાલની નજીક આવી રહી છે. કેજરીવાલના ઈશારે જ દિલ્હીમાં લીકર પોલીસી કૌભાંડ થયો છે. તેમણે કહ્યું કે, કાયદાથી ઉપર કોઈ નથી, પછી ભલે તે ગમે તેટલા ઉચ્ચ પદ પર કેમ ન બેઠા હોય. ગૌરવ ભાટિયાએ કહ્યું કે, અમારી માંગ છે કે, દિલ્હીના મુખ્યમંત્રીએ પ્રેસ કોન્ફરન્સ કરવી જોઈએ. અને જો તેઓ પ્રેસ કોન્ફરન્સ નહીં કરશે તો અમે માની લઈશું કે, તેઓ આ કૌભાંડમાં સામેલ છે. તેમણે વધુમાં કહ્યું કે, અરવિંદ કેજરીવાલે જે ભ્રષ્ટાચાર કર્યો છે તેનાથી તેમને કોઈ બચાવી ન શકે.

## તંત્રી લેખ

### અંતર્દષ્ટિ-ધીરજનું ફળ

ઉત્કૃષ્ટ ઉપલબ્ધિ અનાયાસ નથી મળતી. તે લાંબી અવધિ સુધી નિષ્ઠા અને અથાગ પ્રયાસોથી નિષ્પાદિત કાર્યનું સ્વાભાવિક પ્રતિફળ હોયછે. શ્રેષ્ઠ રચનાઓ પાછળ વર્ષો, ક્યારેક દાયકાઓની ધૈર્યપૂર્વક, અવિરત, કષ્ટસાધ્ય સાધના રહે છે. પ્રશિક્ષુ એન્જિનિયર જ્યારે ધૈર્યથી વર્કશોપમાં સ્પેરપાર્ટને ઘસે છે ત્યારે તેનું કૌશલ નિખરે છે, પરિમાર્જિત થાય છે. તે ગુણી પ્રોફેશનલ તરીકે ઉભરે છે અને સમયાંતરે ખ્યાતિને પાત્ર બને છે. ચંદ્રયાન-૩ની સફળતા પાછળ વર્ષો સુધી અનેક વૈજ્ઞાનિકોના મનોયોગથી સંપાદિત પ્રયત્ન રહ્યા હશે. આરંભિક પ્રયોગો નિષ્ફળ થતાં તેમણે ધીરજ ન ગુમાવી, તેઓ જાણતા હતા કે મોટા ઉદ્દેશ્યના માર્ગમાં અડચણ આવે જ છે.

છોડની વૃદ્ધિ, તેમાં ફળ-ફૂલ લાગવા વગેરેમાં સમય લાગે છે. પ્રકૃતિની તમામ ક્રિયાઓ ધીમે ધીમે ઘટે છે. હાઈવે પર અતિ તીવ્ર ગતિથી ચાલતાં વાહનોમાં બેઠેલા સડકને અડીને આવેલાં લહેરાતાં ખેતરો અને તેનાથી ઉત્સર્જિત સુગંધનો આસ્વાદ નથી લઈ શકતા. ગંતવ્ય સુધી પહોંચવાની ઉતાવળમાં તમે યાત્રા તથા આસપાસની છટાઓના આનંદથી વંચિત રહેશો. ઉતાવળે કરવામાં આવેલ કામ મોટાભાગે વિલંબથી થાય છે, તેના બગડવાની આશંકા વધારે રહે છે. એ જ પ્રમાણે જેમ તડજોડથી ધન-સંપત્તિ, પદ કે લોકપ્રિયતા ક્ષણભર માટે પ્રાપ્ત થઈ પણ જાય તો તે ટકશે નહીં, ના તેનું સારું ફળ મળશે. ઉતાવળમાં દોડનારા નથી જાણતા કે તેઓ કઈ દિશા તરફ અગ્રેસર છે. સડક પર અધીર થઈને હોર્ન વગાડતાં વાહનોની ચેતવણી સ્વરૂપ એક ટ્રક પાછળ લખ્યું હતું - જેને ઉતાવળ હતી તેઓ ચાલ્યા ગયા! ઉતાવળમાં બોલશો કે લખશો તો વાતનું વતેસર થશે. સંવાદ સુવિચારથી થશે તો તમારા કહેલા-લખેલાની ગરિમા જળવાશે, તમને સમાદરની દૃષ્ટિથી જોવામાં આવશે. વ્યવહારમાં અધીરતા હશે તો સંબંધ બગડશે અને પરિજનો, મિત્રોના સહયોગ, સ્નેહ અને તેની સદ્ભાવનાઓથી વંચિત રહેશો.

## એએપીના સાંસદ સંજય સિંહના ઘરે EDનાં દરોડા

નવી દિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની ટીમ બુધવારે (૪ ઓક્ટોબર) આમ આદમી પાર્ટી સાંસદ સંજય સિંહના ઘરે પહોંચી હતી. EDની ટીમ હાલમાં તેના નિવાસસ્થાને દરોડા પાડી રહી છે. છઈ઼ સાંસદે ખુદ પત્રકારોને આ અંગે માહિતી આપી છે. અગાઉ આ વર્ષના મે મહિનામાં પણ EDએ સંજય સિંહના ઘરે દરોડા પાડ્યા હતા.

તે સમયે તેના સહયોગીઓના ઘર અને ઓફિસ પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સંજય સિંહ સતત ED અને CBIને ઘેરી રહ્યા છે. તેઓ કહેતા રહ્યા છે કે કેન્દ્ર સરકાર કેન્દ્રીય તપાસ એજન્સીઓ દ્વારા વિપક્ષી નેતાઓને ડરાવવાનો પ્રયાસ કરી રહી છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર દિલ્હીમાં AAP સાંસદના ઘરે ચાલી રહેલા દરોડા દિલ્હી લિકર પોલિસી કેસમાં ચલાવવામાં આવી રહ્યા છે. જો કે, હજુ સુધી સંજય સિંહ તરફથી કોઈપણ પ્રકારનું સત્તાવાર નિવેદન આવ્યું નથી અને ન તો આમ આદમી પાર્ટીએ આ અંગે કંઈ કહ્યું છે. આપને જણાવી દઈએ કે પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા હાલમાં દિલ્હી લિકર પોલિસી કેસમાં જેલમાં છે.

## અમદાવાદમાં નકલી પોલીસ બની તોડ કરતા વૃદ્ધની ધરપકડ

અમદાવાદ,

અમદાવાદમાં પોલીસનો સ્વાંગ રચી રિક્ષાચાલકો પાસેથી તોડ કરતા વૃદ્ધની કાગડાપીઠ પોલીસે ધરપકડ કરી છે. વહેલી પરોઢે વૃદ્ધે પોલીસની ઓળખ આપીને રિક્ષાચાલક પાસે લાયસન્સ અને ડોક્યુમેન્ટ માંગ્યા હતા. રિક્ષાચાલક પાસે ડોક્યુમેન્ટ નહીં હોવાથી વૃદ્ધે એક હજારની માંગણી કરી હતી, જોકે અંતમાં માત્ર ૫૦ રૂપિયામાં પતાવટ થઈ હતી. રિક્ષાચાલકને શંકા જતાં તેણે પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરી દીધી હતી.

ત્યારબાદ વૃદ્ધનો ભાંડો ફૂટ્યો હતો. આ અંગે વિગતવાર વાત કરીએ તો અમરાઈવાડી વિસ્તારમાં આવેલા નરોત્તમનગરમાં રહેતા અને રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા યશ ઠાકુરે કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં ઉસ્માન ઉર્ફે બબન શેખ વિરુદ્ધ નકલી પોલીસ બનીને રૂપિયા પડાવવાની ફરિયાદ કરી છે.

### મહાદેવ ઓનલાઈન બેટિંગ કેસમાં તપાસનો ધમધમાટ

# બોલિવૂડ અભિનેતા રણબીર કપૂરને ઈડીએ સમન્સ પાઠવ્યું

### ૬ ઓક્ટોબરે હાજર રહેવા નિર્દેશ આપવામાં આવ્યો, લિસ્ટમાં ૧૫-૨૦ અન્ય સેલેબ્સ પણ છે, જેઓ ઈડીની રડાર પર છે



મુંબઈ,

મહાદેવ ઓનલાઈન બેટિંગ કેસ હેઠળ તપાસ એજન્સીઓના રડારમાં અનેક અભિનેતાઓ અને સિંગર્સ આવી ચૂક્યા છે. જે મામલે બોલીવૂડ અભિનેતા રણબીર કપૂરની મુશ્કેલી વધી ગઈ છે. તેને ઈડી દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યું છે.

ઓનલાઈન ગેમિંગ બેટિંગ કેસમાં આ સમન્સ પાઠવાયું હોવાની માહિતી મળી રહી છે. તેને આગામી ૬ ઓક્ટોબરે હાજર રહેવા નિર્દેશ આપવામાં આવ્યો છે. આ કેસમાં માત્ર રણબીરનું જ નામ નહીં, પરંતુ લિસ્ટમાં ૧૫-૨૦ સેલેબ્સ બીજા પણ છે, જેઓ ઈડીની રડાર પર છે. આ લિસ્ટમાં આતિફ અસલમ, રાહત ફતેહ અલી ખાન, અલી અસગર, વિશાલ દદલાની, ટાઈગર શ્રોફ, નેહા કક્કડ, ભારતી સિંહ, અલી અવરામ, સની લિયોની, ભાગ્યશ્રી, પલ્કિત સમ્રાટ, કીર્તિ ખરબંદા, નુસરત ભરૂચા અને કૃષ્ણા અભિષેકનું નામ સામેલ છે. જણાવી દઈએ કે, મહાદેવ ગેમિંગ-બેટિંગ એક ઓનલાઈન સટ્ટાબાજીનું પ્લેટફોર્મ છે. આ એપના પ્રમોટર સૌરભ ચંદ્રાકરના લગ્ન ફેબ્રુઆરીમાં સંયુક્ત અમીરાતમાં થયા હતા. લગ્નમાં ૨૦૦ કરોડથી વધુનો ખર્ચ કરાયો હતો. આ આલીશાન લગ્નનો વીડિયો ભારતીય એજન્સીઓના હાથે લાગ્યો છે. લગ્નમાં પરફોર્મ કરવા માટે જેટલા પણ સેલેબ્સને બાલાવાયા હતા, તે પણ રડાર પર આવી ગયા છે. યુએઈમાં એપના પ્રમોટરના લગ્ન તથા સકસેસ પાર્ટીમાં હાજરી આપનારા અભિનેતા અને સિંગર્સની પણ ઈડી દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. થોડા દિવસ પહેલા ઈડીએ મુંબઈ, ભોપાલ, કોલકાતા સહિત હવાલો ઓપરેટરોએ અહીં દરોડા પાડ્યા, જેમણે આ ઈવેન્ટ માટે રકમ મુંબઈની ઈવેન્ટ ફર્મને મોકલી હતી. અહીંથી સિંગર નેહા કક્કડ, સુખવિંદર સિંહ, ભારતી સિંહ અને ભાગ્યશ્રીને પરફોર્મ કરવા માટે પેમેન્ટ કરાયું હતું.

# વર્લ્ડકપમાં પાંચ બેટ્સમેન પર રહેશે દુનિયાની નજર

### રોહિતે વર્લ્ડ કપ પહેલા જ સ્પષ્ટ કરી દીધું છે કે તે આક્રમક બેટિંગ કરશે, આવી સ્થિતિમાં તેની બેટિંગ જોવા માટે દરેક લોકો ઉત્સાહિત છે

નવી દિલ્હી,

ક્રિકેટનો સૌથી મોટો મહાકુંભ એટલે કે વિશ્વકપ દેશમાં પમી ઓક્ટોબર એટલે કે આવતીકાલે (ગુરુવાર)થી રમાશે. ટુર્નામેન્ટની પ્રથમ મેચ ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે.

આ વર્લ્ડ કપમાં કેટલાક એવા બેટ્સમેન છે જેમના પ્રદર્શન પર આખી દુનિયાની નજર રહેશે. ભારતીય ક્રિકેટના સૌથી મોટા સ્ટાર વિરાટ કોહલીએ ૨૦૨૩ના એશિયા કપમાં પોતાના ફોર્મનો પુરાવો આપ્યો છે. પાકિસ્તાન સામે વિરાટની સદી વર્ષો સુધી યાદ રહેશે. ૩૪ વર્ષના વિરાટ કોહલી માટે આ છેલ્લો વર્લ્ડ કપ પણ હોઈ શકે છે. વિરાટ વર્લ્ડ કપમાં સદી ફટકારનાર સૌથી યુવા ભારતીય છે. કિંગ કોહલીએ ૨૦૧૧માં આ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. પાકિસ્તાનના કેપ્ટન બાબર આઝમે વર્લ્ડકપની શરૂઆત પહેલા પ્રેક્ટિસ મેચમાં ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામે પોતાની સ્ટાઈલ બતાવી છે. જો કે બાબર પહેલીવાર ભારત આવ્યો છે. આવી સ્થિતિમાં દરેક તેની બેટિંગ જોવા માંગતા હતા. બાબર જે ફોર્મમાં છે તેને જોઈને બધા કહી રહ્યા છે કે તે વર્લ્ડ કપમાં સરળતાથી ત્રણથી ચાર સદી ફટકારી શકે છે. ગત વર્લ્ડ કપનો હીરો રોહિત શર્મા આ વખતે પણ અજાયબી કરી શકે છે. ઈંગ્લેન્ડમાં રમાયેલા ૨૦૧૯ વર્લ્ડ કપમાં રોહિતે પાંચ સદી ફટકારીને આખી દુનિયાને ચોંકાવી દીધી હતી.

રોહિતે વર્લ્ડ કપ પહેલા જ સ્પષ્ટ કરી દીધું છે કે તે આક્રમક બેટિંગ કરશે. આવી સ્થિતિમાં તેની બેટિંગ જોવા માટે દરેક લોકો ઉત્સાહિત છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન અને સિનિયર બેટ્સમેન સ્ટીવ સ્મિથ માટે પણ આ છેલ્લો વર્લ્ડ કપ હોઈ શકે છે. તે આ વર્લ્ડ કપમાં ત્રીજા નંબરે બેટિંગ કરશે. છેલ્લા બે વર્લ્ડ કપમાં સ્મિથ ટીમની બેટિંગમાં મહત્વની કડી સાબિત થયો છે. જોકે, આ વખતે ભારતમાં વર્લ્ડ કપ રમાઈ રહ્યો છે, તેથી ટીમને સ્મિથની વધુ જરૂર છે. સ્મિથ ભારતીય પીચો પર સરળતાથી રન બનાવવામાં પણ માહિર છે. તે ઝડપી બોલરોની સાથે સ્પિનરોને પણ આસાનીથી રમે છે.

દરેકની નજર વર્લ્ડ કપમાં સ્મિથના પ્રદર્શન પર ટકેલી છે. ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપ માટે નિવૃત્તિ પાછી ખેંચી છે. સ્ટોક્સ આ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ માટે ચોથા નંબર પર પણ બેટિંગ કરી શકે છે. તે ભારતીય પીચો પર સારી રીતે રમી શકે છે. તે ઘણો અનુભવી પણ છે.

# કાલુપુર રેલવે સ્ટેશન પર મુસાફરોના મોબાઈલ ચોરી કરતી ટોળકીની ધરપકડ કરાઇ

અમદાવાદ,

અમદાવાદના કાલુપુર રેલ્વે સ્ટેશન પર મુસાફરોના મોબાઈલ ચોરી કરતી ટોળકીની ધરપકડ કરવામાં આવી છે. મહત્વનું છે કે બે આરોપી માત્ર મોબાઈલ ચોરી કરવા માટે રાતે સુરતથી અમદાવાદ આવતા અને ચોરીને અંજામ આપી ફરાર થઈ જતા હતા. સાથે જ પોલીસે ચોરીના મોબાઈલ ખરીદનાર પણ બે આરોપીની ધરપકડ કરી ૩૩ મોબાઈલ કબ્જે કર્યા છે.

અમદાવાદ સ્ટેશન વિસ્તારમાં અવાર નવાર મોબાઈલ ચોરીની ઘટના સામે આવતી રહે છે. જોકે આખરે આ આરોપીઓ ઝડપાયા છે. અમદાવાદ રેલવે સ્ટેશન પર આવતા મુસાફરોના મોબાઈલ ચોરી કરતા હતા. રેલવે પોલીસે ચોરી કરતી ટોળકીના પાંચ શખ્સોની ધરપકડ કરી ચોરીના ૩૩ મોબાઈલ કબજે કર્યા છે. મહત્વનું છે કે મોનારામ રાઠોડ અને સૂરજ સહાની બંને આરોપી સુરતના કીમ વિસ્તારમાંથી મોડી રાત્રે માત્ર અમદાવાદ રેલવે સ્ટેશન પર મોબાઈલ ચોરી કરવા આવતા અને વહેલી સવારે સુરત જતી ટ્રેનમાં પરત જતા રહેતા હતા અને તેમને ચોરેલા મોબાઈલ સલીમ ગરાસીયા નામના ઓલપાડના આરોપીને વેચી દેતા હોવાનું સામે આવ્યું છે.

સાથે જ અમદાવાદના વિજય પટણી અને મહંમદ સોએબ પણ મોબાઈલ અને લેપટોપ ચોરી કરતા અને અંકલેશ્વરના ભરત મકવાણાને વેચી દેતા હોવાનું સામે આવ્યું છે. ઝડપાયેલા આરોપીઓની પૂછપરછ કરતા હકીકત સામે આવી કે ચોરી કરેલા ૩૩ મોબાઈલ છેલ્લા ચાર મહિનામાં ચોરી કરી હતી.

અમદાવાદ રેલવે સ્ટેશન પર આરામ ફરમાવતા વેઈટિંગ એરિયા, ટ્રેનમાં ચડતા ધક્કા મૂકી કરી અને ચાર્જિંગમાં પડેલા મોબાઈલ પરથી માલિકની નજર ચૂકવી ચોરી કરતા હતા. ઝડપાયેલા તમામ આરોપીઓ ચોરી કરેલા મોબાઈલ બિલ વગર માત્ર ત્રણ કે ચાર હજારની નજીક કિંમતમાં અન્ય રાજ્યોના મોબાઈલ દુકાન ધારકો અથવા ચોરીના મોબાઈલ ખરીદતા આરોપીને વહેંચી દેતા હતા. રેલવે પોલીસે આ તમામ છ આરોપીઓ પાસેથી કુલ ત્રણ લાખ રૂપિયાના મોબાઈલ અને લેપટોપ કબજે કરી તેમના મૂળ માલિકોને સોંપવાની તજવીજ શરૂ કરી છે.

### એશિયન ગેમ્સમાં ભારતની વિજયકૂચ જારી

# સેમિફાઈનલમાં બોક્સર પરવીન હુડ્ડા હારતા બ્રોન્ઝ મેડલ મળ્યો

## મહિલાઓની ૫૭ કિગ્રા વજન વર્ગમાં પ્રવીણને ચાઈનીઝ તાઈપેની લિન સામે હારનો સામનો કરવો પડ્યો



હાંગઝોઉ,

ભારતીય બોક્સર પરવીન હુડ્ડાને સેમિફાઈનલમાં હાર્યા બાદ બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. મહિલાઓની ૫૭ કિગ્રા વજન વર્ગમાં પ્રવીણને ચાઈનીઝ તાઈપેની લિન સામે હારનો સામનો કરવો પડ્યો હતો.

સ્ક્વોશમાં, ભારતને મિક્સ ડબલ્સની સેમિફાઈનલમાં મલેશિયા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આ રીતે અન્હત-અભયની ભારતીય જોડીને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો. મલેશિયાએ ભારતીય જોડીને ૧૧-૮, ૨-૧૧, ૯-૧૧થી હરાવી હતી. ચીનના હાંગઝોઉમાં રમાઈ રહેલી ૨૦૨૩ એશિયન ગેમ્સમાં ભારતે ઈતિહાસ રચ્યો છે. ૨૦૨૩ એશિયન ગેમ્સના ૧૧મા દિવસે બે મેડલ જીતીને, ભારતે એશિયન ગેમ્સની એક જ આવૃત્તિમાં સૌથી વધુ મેડલ જીતવાનો નવો રેકોર્ડ બનાવ્યો છે. હકીકતમાં, ૨૦૨૩ એશિયન ગેમ્સમાં ભારત પાસે હવે ૭૧ મેડલ છે. એશિયન ગેમ્સની એક આવૃત્તિમાં ભારતનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. અગાઉ એશિયન ગેમ્સની એક જ આવૃત્તિમાં ભારતે સૌથી વધુ ૭૦ મેડલ જીત્યા હતા.

ભારતે આ રેકોર્ડ ૨૦૧૮માં જકાર્તામાં આયોજિત એશિયન ગેમ્સમાં બનાવ્યો હતો. ત્યારે ભારતે ૧૬ ગોલ્ડ, ૧૩ સિલ્વર અને ૩૧ બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. ૨૦૨૩ની એશિયન ગેમ્સમાં અત્યાર સુધીમાં ભારતે ૧૬ ગોલ્ડ, ૨૬ સિલ્વર મેડલ અને ૨૯ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. ૧૧મા દિવસે, ઓજસ દેવતલે અને જ્યોતિ વેન્નમે તીરંદાજીની કમ્પાઉન્ડ મિશ્રિત ટીમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ સાથે ભારતે એશિયન ગેમ્સની એક જ આવૃત્તિમાં સૌથી વધુ મેડલ જીતવાનો નવો રેકોર્ડ બનાવ્યો છે.

મંજુ રાની અને રામ બાબુની જોડીએ બુધવારે ભારતને પહેલો મેડલ અપાવ્યો હતો. આ ભારતીય જોડીએ ૩૫ કિલોમીટર વૉકિંગ રેસ ઈવેન્ટમાં દેશ માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ૨૦૨૩ એશિયન ગેમ્સમાં ભારતનો આ ૭૦મો મેડલ હતો. ભારત હવે ઈતિહાસ રચવાથી માત્ર એક ડગલું દૂર હતું. આ પછી ઓજસ દેવતલે અને જ્યોતિ વેન્નમે તીરંદાજીમાં અજાયબીઓ કરી. આ જોડીએ સોનાને નિશાન બનાવ્યું હતું. ૨૦૨૩ એશિયન ગેમ્સના ૧૧મા દિવસે અત્યાર સુધીમાં ભારતના નામે ૧૬ ગોલ્ડ, ૨૬ સિલ્વર મેડલ અને ૨૯ બ્રોન્ઝ મેડલ છે. ભારત આ એશિયન ગેમ્સમાં મેડલની સદી ફટકારીને ઈતિહાસ રચી શકે છે. આજે એટલે કે બુધવારે ભારત ૧૦ થી વધુ મેડલ જીતે તેવી અપેક્ષા છે.

# સુરતમાં ઈચ્છાપોર પોલીસે ૫ બોગસ ડોક્ટર ઝડપી પાડ્યા

સુરત,

સુરતમાં ઈચ્છાપોર પોલીસે ૫ બોગસ ડોક્ટર ઝડપી પાડ્યા છે. ઈચ્છાપોર પોલીસે અલગ અલગ જગ્યાએથી આ બોગસ ડોક્ટરોને ઝડપી પડ્યા છે. પોલીસે અલગ અલગ દવાઓનો જથ્થો પણ જપ્ત કર્યો છે. ગોવિંદા હલદાર, રમેશ મંડલ, ધીમન બિસ્વાસ, લક્ષ્મણ સરકાર અને કિશોર પટેલ નામના ઈસમો વિરુદ્ધ કાર્યવાહી કરી છે.

સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં નકલી તબીબ બની લોકોનો ઈલાજ કરનાર મુન્નાભાઈ એમબીબીએસ ઝડપાયા. એક નહીં બે નહીં પરંતુ પાંચ પાંચ જેટલા બોગસ ડોક્ટરોને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ પાંચ બોગસ ડોકટરો દ્વારા છેલ્લા એક વર્ષથી વધુના સમયથી લોકોનો ઈલાજ કરવામાં આવતો હતો.

આ બોગસ ડોકટરો દ્વારા દર્દીઓને દવા આપવામાં આવતી હતી. સાથો સાથ બાટલા ચઢાવવા સુધીની કામગીરી કરતા હતા. પરંતુ હવે ઈચ્છાપોર પોલીસે આ પાંચેય આરોપીઓને ઝડપી પાડી જેલ હવાલે કર્યા છે. સુરતના ઈચ્છાપોર પોલીસને છેલ્લા કેટલાય સમયથી ફરિયાદ મળી હતી કે શહેરના છેવાડા વિસ્તારમાં આવેલ મોરા ગામમાં કેટલાક ઈસમો પોતાની પાસે ડિગ્રી ના હોવા છતાં લોકોનો ઈલાજ કરી રહી છે.

જે બાબત ગંભીરતા છે ત્યારે આ આધારે ઈચ્છાપોર પોલીસે વોચ ગોઠવી હતી અને ત્યાં બાતમીના આધારે ઈચ્છપોર પોલીસે મોરા ગામના અલગ અલગ વિસ્તારોમાં એકી સાથે પાંચ જગ્યાએ દરોડા પાડ્યા હતા. દરોડા પડતાં સ્થળ પર હાજર ડોક્ટરો પાસે ડિગ્રીના પુરાવા માગવામાં આવ્યા. જો કે તેમની પાસે કોઈપણ પ્રકારની તબીબી ડીગ્રી ન હતી. જેથી પોલીસે આવા બોગસ પાંચેય તબીબોની ધરપકડ કરી હતી અને પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા.

આમ પોલીસ દ્વારા રેડ કરતા અલગ અલગ ક્લિનિક માંથી મસ મોટો દવાનો જથ્થો પણ કબજે કરવામાં આવ્યો હતો.વધુના પોલીસ પુછપરછમાં તેઓએ પોતાનું નામ ગોવિંદા હલદાર, રમેશ મંડલ, ધીમન બિસ્વાસ, લક્ષ્મણ સરકાર અને કિશોર પટેલ જણાવ્યું હતું. વધુ પૂછપરછ દરમિયાન તેઓએ કબુલાત કર્યું હતું કે તેઓની પાસે તબીબ અંગે કોઈપણ પ્રકારની ડીગ્રી નથી તેમ છતાં જ તેઓ છેલ્લા એક વર્ષથી આ વિસ્તારમાં તબિબ તરીકે સેવા આપતા હતા.

# સ્વિમિંગ પૂલમાં જોવા મળ્યું મગરનું બાળક, કાઢવા જતા કર્યો હુમલો

મુંબઈ,

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈના એક સ્વિમિંગ પૂલમાં મંગળવારે સવારે એક મગરનું બાળક તરતું જોવા મળ્યું હતું. રિપોર્ટ્સ અનુસાર, લાઈફગાર્ડે તે નાના મગરને પૂલમાં તરતા જોયો અને બાદમાં તેને પકડી લીધો. પરંતુ, આ દરમિયાન તે બાળ મગરે તેના હાથમાં બટકું ભરી લીધું. મગરના બાળકને હવે એક ડ્રમની અંદર સુરક્ષિત રાખવામાં આવ્યો છે. મહાત્મા ગાંધી સ્વિમિંગ પૂલના સંયોજક સંદીપ વૈશમ્પાયને મીડિયાને જણાવ્યું હતું કે પૂલના કર્મચારી નિયમિત રુપે સવારે કોઈપણ કામ શરુ કરતાં પહેલા પૂલની તપાસ કરે છે.

તેઓએ જણાવ્યુ, ’આજે, અમારા સ્ટાફને આ ઓલંપિક આકારના સ્વિમિંગ પૂલમાં મગરનું બાળક જોવા મળ્યું. એક્સપર્ટની મદદથી તેનું રેસ્ક્યુ કરીને તેને વન વિભાગને સોંપવામાં આવ્યો છે.’ પૂલના એક અધિકારીએ જણાવ્યું કે મગર નજીકના ખાનગી પ્રાણી સંગ્રહાલયમાંથી આવ્યો હોય શકે છે. ભૂતકાળમાં પણ આવી ઘટનાઓ બની છે જયારે ખાનગી પ્રાણી સંગ્રહાલયમાંથી સાપ રસ્તા પર આવી ગયા હતાં, જેનાથી લોકો ગભરાઈ ગયા હતાં. બીજી તરફ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નેતા સંદીપ દેશપાંડેએ ખાનગી પ્રાણી સંગ્રહાલય સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. દેશપાંડેએ પૂછ્યું, ‘આ ખાનગી પ્રાણી સંગ્રહાલય અનધિકૃત છે. આ પહેલા પણ આ જ પ્રાણી સંગ્રહાલયમાંથી સાપ નીકળ્યા હતા અને લોકોમાં ગભરાટ ફેલાવ્યો હતો. આ સરીસૃપો અને જાનવરોનો લોકો પર હુમલો કરવો અથવા આ સરીસૃપો અને જાનવરોને સાર્વજનિક રુપે ઘાયલ થવા પર જવાબદારી કોણ લેશે? આ ખાનગી પ્રાણી સંગ્રહાલયને આ જાનવરો રાખવાની પરવાનગી કોણે આપી? તેમના પર કોઈનો રાજનૈતિક પ્રભાવ છે? મીડિયાને વધુમાં જણાવ્યું કે, ખાનગી પ્રાણી સંગ્રહાલય મ્સ્ઝની જમીન પર બનેલ છે. તેમણે કહ્યું, ’ઘણી વખત આ સ્વિમિંગ પૂલના અધિકારીઓએ ઓથોરિટીને ફરિયાદ કરી છે. આ ખાનગી પ્રાણી સંગ્રહાલયની હાલત જોઈએ તો ખરેખર ખૂબ જ ખરાબ છે.

# વાઈબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ કાર્યક્રમ અંતર્ગત ૫૬૬ કરોડના ૦૬ MOU થયા

અરવલ્લી,

અરવલ્લી જિલ્લાના મોડાસામાં જિલ્લા કક્ષાએ વાઈબ્રન્ટ સમારોહના ઉપલક્ષમાં 'વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ અરવલ્લી ' કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા કક્ષાએથી ઉદ્યોગકારો, વેપાર સમૂહોનું પ્રતિનિધિત્વ થાય તેવા ઉદ્દેશથી આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સાબરકાંઠા લોકસભા બેઠકના સાંસદ સભ્ય દિપસિંહ રાઠોડના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાના ઉદ્યોગકારો અને વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.અરવલ્લી જિલ્લાના મોડાસામાં જિલ્લા કક્ષાએ વાઈબ્રન્ટ સમારોહના ઉપલક્ષમાં 'વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ અરવલ્લી ' કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લા કક્ષાએથી ઉદ્યોગકારો, વેપાર સમૂહોનું પ્રતિનિધિત્વ થાય તેવા ઉદ્દેશથી આ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સાબરકાંઠા લોકસભા બેઠકના સાંસદ સભ્ય દિપસિંહ રાઠોડના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાના ઉદ્યોગકારો અને વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લાના ઉદ્યોગકારો અને વેપારીઓ સાથે **B2B** અને **B2C** કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. તેમજ ઉદ્યોગ જગતના નિષ્ણાંતો અને જિલ્લા અને વિસ્તારના સ્થાનિક ઉદ્યોગકારો દ્વારા વિવિધ વિષયો પર એક દિવસીય સેમિનારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. ઉપરાંત અરવલ્લી જિલ્લાના વેપાર ઉદ્યોગ જગતનું તેમજ સરકારના વિવિધ વિભાગોનું પ્રદર્શન પણ યોજાયું હતું. વિસ્તારમાં ઉદ્યોગ ધંધાના વિકાસ માટે સ્થાનિક તંત્ર દ્વારા પણ પ્રયાસ કરવામાં આવે એવી માંગ પણ વર્ષોથી રહી છે. હવે આ કાર્યક્રમથી લોકોમાં અપેક્ષા વધી છે. કાર્યક્રમમાં જિલ્લાના છ ઉદ્યોગ-વેપાર એકમોએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મારફતે રોકાણ કરવા માટે એમ.ઓ.યુ. સાઈન કર્યા હતા. કાર્યક્રમમાં કુલ રુપિયા ૫૬૬ કરોડ રૂપિયાના ૦૬ એમ.ઓ.યુ થયા હતા. કાર્યક્રમના પ્રારંભે સાંસદ દિપસિંહ રાઠોડ જણાવ્યુ કે, કોલ્ડ સ્ટોરેજ, પ્રવાસન અને બટાકાના ઉત્પાદન, સ્ટોરેજ અને પ્રોસેસિંગ ક્ષેત્રે અરવલ્લી જિલ્લાની આગવી ઓળખ છે. ત્યારે અરવલ્લીને આગામી દિવસોમાં ઉદ્યોગ ક્ષેત્રે આગળ લઈ જવા સહિયારા પ્રયાસો કરવામાં આવશે.અસાંસદ દિપસિંહ રાઠોડે જિલ્લા વહીવટી તંત્રને વાઈબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ કાર્યક્રમના ટૂંકા ગાળાના આયોજન દ્વારા ઉત્કૃષ્ટ કાર્યક્રમ ઘડવા બદલ સરાહના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારથી શરૂ થયેલી વાઈબ્રન્ટની વિકાસ યાત્રા આગળ ધપી રહી છે. અરવલ્લીમાં જિલ્લામાં આવનારા સમયમાં રેલ્વેની કેનેક્ટિવીટી ઝડપથી આકાર પામશે જેથી અરવલ્લી જીલ્લામાં રોકાણકારો આવવાથી રોજગારીની વિપૂલ તકો સર્જાશે. જેવી રીતે વાઈબ્રન્ટ ગુજરાત થકી ઉદ્યોગના રોકાણ ક્ષેત્રે દેશમાં ગુજરાત રોલ મોડલ રાજ્ય તરીકે વિકસી આવ્યું એવી જ રીતે વાઈબ્રન્ટ ડિસ્ટ્રીક્ટ-અરવલ્લી કાર્યક્રમ થકી રાજ્યમાં રોકાણ ક્ષેત્રે અને વેપાર ઉદ્યોગ માટે અરવલ્લી જિલ્લો રોલ મોડેલ બને તેવા સહિયારા પ્રયાસો કરવામાં આવશે.

# ડેપ્યુટી કલેક્ટર બની લોકોને ચૂનો લગાવનાર નેહા પટેલની અટકાયત

સુરત,

સુરત જિલ્લાના માંડવી ખાતે ડેપ્યુટી કલેક્ટરની ઓળખ આપી છેતરપિંડી આચરવાના પ્રકરણમાં પોલીસે બનાવટી ડે. કલેક્ટર બની ફરતી બારડોલીની બાબેન ગામની નેહા પટેલની અટકાયત કરી હતી. કેવડિયામાં વિકાસના કામોના ટેન્ડરમાં પૈસા રોકવાનું જણાવી માંડવીના તારાપુર ગામના ખેડૂત અને નિવૃત સરકારી કર્મી રહી ચૂકેલા ઈસમ સાથે ૨૨ લાખની છેતરપિંડી કરી હતી. સુરત જિલ્લામાં બનાવટી ડે. કલેક્ટર બની ફરતી નેહા પટેલનું વધુ એક કારસ્તાન સામે આવ્યું છે.

જેમાં આ વખતે સુરત જિલ્લા આદીવાસી વિસ્તાર માંડવી તાલુકાના ખેડૂતો સાથે છેતરપિંડી કરી હતી. ઘટના મુજબ માંડવીના તારાપુર ગામના ખેડૂત અને નિવૃત સરકારી કર્મચારી રહી ચૂકેલા રામુ ભાઈ દેવજી ભાઈ ચૌધરીએ ફૂલવાડી મેલડી માંનું મંદિર બનાવ્યું છે. અને જ્યાં સને ૨૦૧૬માં લોક ડાયરો રાખવામાં આવ્યો હતો. આ દરમિયાન નયનબેન નામની મહિલા સાથે આવેલ નેહા પટેલનો સંપર્ક થયો હતો. એ નયન બહેન નામની મહિલા અને બારડોલીના બાબેન રહેતી નેહા પટેલ એક દિવસ રામુ ભાઈના ઘરે પહોંચી હતી. નેહા પટેલે રામુ ભાઈ ચૌધરી આગળ મોટી-મોટી વાતો કરી પોતે ડેપ્યુટી કલેક્ટરની ઓળખ આપી હતી. તેમજ નેહા પટેલ પોતે સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ કામ કરતી હોવાનું જણાવી તેમજ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વિકાસ કામગીરી તેમજ જમીન સંપાદનનું કામ કરતી હોવાનું જણાવ્યું હતું. અને તે વિકાસ કામોનું ટેન્ડર ભરી કમાણી કરવા જણાવ્યું હતું. તેમજ રોકેલ પૈસા કમિશન સાથે મળી જવાનું પણ લાલચ આપી હતી. વિકાસ કામના ટેન્ડર પેટે નેહા પટેલે ખેડૂત રામુ ભાઈ ચૌધરી પાસે ટુકડે ટુકડે ૨૨.૨૮ લાખ ખંખેરી લીધા હતા. અને બાદમાં કમિશન તેમજ મૂળ રકમ પણ આપી ન હતી. અને વારંવાર નેહા પટેલ ગોળગોળ જવાબ આપતા રામુભાઈને નેહા પટેલ બનાવટી હોવાની આશંકા ઉભી થઈ હતી. જેથી તેઓએ માંડવી પોલીસની શરણ લીધી હતી. જે બાદ માંડવી પોલીસે ગણતરીના કલાકોમાં ઠગ અને બનાવટી ડેપ્યુટી કલેક્ટર બની ફરતી નેહા પટેલની અટકાયત કરી લીધી હતી.

સાતીર દિમાગી નેહા પટેલે વર્ષ ૨૦૧૬થી ૨૦૨૧માં જમીનના વ્યવસાય સાથે જોડાયેલા લોકોને નિશાન બનાવ્યા હતા. ૨૦૧૬ની સાલમાં સુરત શહેરના ડભોલી ચાર રસ્તા પાસે આવેલી વૃંદાવન સોસાયટીમાં રહેતા અને મૂળ જામનગર જિલ્લાના દરેડ ગામના યોગેશભાઈ મનસુખભાઈ વિરાણી સાથે મુલાકાત થઈ હતી. જ્યાં યોગેશ ભાઈ મારફત તેમની મુલાકાત મહેશ લવર નામના વ્યક્તિ સાથે થઈ હતી. જામનગર ખાતે આવેલી એગ્રીકલ્ચર ઝોનમાં આવેલી જમીનને ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં ફેરવવા માટે નેહા પટેલે અવારનવાર રકમ મેળવી ૩૨ લાખ પડાવી લીધા હતા. જે બાબતે બારડોલી, અડાજણ તેમજ નર્મદા જિલ્લામાં ડેડીયાપડા ખાતે પણ ગુનાઓ નોંધાયા હોવાનુ બહાર આવ્યું છે.

# સુરતમાં ઈન્સ્યોરન્સ પોલિસી પકવવા યુવકે ષડયંત્ર રચ્યું

સુરત,

સુરતના સચિન વિસ્તારમાં વાહન ચોરીની ફરિયાદ નોંધાવનાર વ્યક્તિ જ આરોપી નીકળતા પોલીસ ચોંકી ઉઠી છે. વાહન અન્ય વ્યક્તિ પાસે ગીરવે મૂકી અને ઈન્સ્યોરન્સ કંપનીમાંથી પોલીસી પકવવા માટે આરોપીએ પોતે જ સચિન અને અલથાણ પોલીસ મથકમાં બે અલગ-અલગ વાહન ચોરીની ફરિયાદ નોંધાવી હતી. પરંતુ પોલીસ તપાસમાં ભાંડો ફૂટી જતા ફરિયાદી જાતે આરોપી બની ગયો છ. જ્યાં સચિન પોલીસ દ્વારા આરોપી પાસેથી જ બુલેટ પણ કબજે કરવામાં આવ્યું છે અને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. સુરતના સચિન પોલીસ મથકના સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર એપ્રિલ માસ દરમિયાન સુરતના સચિન પોલીસ મથકની હદમાં રહેતા અજય જીતેન્દ્ર દાસ દ્વારા સચિન પોલીસ મથકમાં બુલેટ ચોરીની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. અજય જીતેન્દ્ર દાસ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે, પોતાની માતાન નામે રજીસ્ટ્રેશન થયેલી બુલેટ અજાણ્યા ચોર શખ્સો દ્વારા ચોરી કરવામાં આવી છે. જે બુલેટ ચોરીની ફરિયાદ લઈ સચિન પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. સચિન પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે ફરિયાદી અજય જીતેન્દ્ર દાસની જે બુલેટ છે, તે બુલેટ તેણે ૭૫ હજાર રૂપિયામાં અન્ય વ્યક્તિ પાસે ગીરવે મૂકી હતી. ત્યારબાદ આ બુલેટ અન્ય વ્યક્તિને ૭૭ હજાર રૂપિયામાં વેચી મારી હતી. ઈન્સ્યોરન્સ કંપનીમાં પોલીસ એફઆઈઆર રજૂ કરી પોલીસી પકવવા માટે તેણે ખોટી પોલીસ ફરિયાદ કરી હતી. સચિન પોલીસની તપાસમાં આ ચોંકાવનારી બાબત સામે આવતા અજય જીતેન્દ્ર દાસની અટકાયત કરી પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. એટલું જ નહીં પરંતુ પોલીસની પૂંછપરછમાં ફરિયાદી અજય દાસ ભાંગી પડ્યો હતો અને ગુના ની કબુલાત કરી હતી.

વધુમાં આરોપીએ આ જ પ્રકારે પોતાની પલ્સર મોટરબાઈક પણ અન્ય વ્યક્તિ પાસે મૂકી રોકડી કરી લીધી હતી. જે અંગે પણ પોલીસ મથકમાં ખોટી વાહન ચોરીની ફરિયાદ નોંધાવી હતી. ઈન્સ્યોરન્સ કંપનીમાં અલથાણ પોલીસની વાહન ચોરીની ફરિયાદની એફઆઈઆર કોપી રજૂ કરી પોલીસી પકવવામાં આવી હતી. આમ આરોપી દ્વારા બે અલગ-અલગ ગુનામાં પોતે ફરિયાદી બની વાહન ચોરીની ફરિયાદ નોંધાવી હતી. પરંતુ પોલીસ તપાસમાં આરોપીનો ભાંડો ફૂટી જતા હાલ આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



એએમસીના હેલ્થ વિભાગ દ્વારા કાલુપર અને માધુપુરામાં ઘીના વેપારીની દુકાન પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ભેળસેળવાળી દુકાનને સીલ કરાઈ હતી.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben Vanrajsinh Sisidiya